| | | | | | |
|---|---|---|---|---|---|
| GJVD050008542026 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| | | દાખલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | ૧૪/૦૫/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦ | ૧ | ૨૬ |

---

## મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મુ. સાવલી.

---

**મુ.અ.નં.૧૨૭/૨૦૨૬**

**અરજદાર**

દિલીપ કડવાજી કનાડે
રહે. વાણીયા શેરી, મંજુસર, તા.સાવલી, જી. વડોદરા
મુળ રહે. પોખરબુજુર્ગ, તા. ભીખંગાઓ, જી. ખરગોન (મધ્યપ્રદેશ)

**વિરુધ્ધ**

**સામાવાળા**

શ્રી સરકાર

– અરજદાર દિલીપ કડવાજી કનાડે રહે. વાણીયા શેરી, મંજુસર, તા.સાવલી, જી. વડોદરા નાઓએ બેંકમાં ફ્રીજ થયેલ રકમ મુક્ત/રીફંડ કરવા માટે બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ અને ૫૦૩ મુજબ અરજી કરેલ છે.

- અરજી વંચાણે લીધી તથા આ કામે અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા. આ કામના અરજદારે હાલની અરજી રજુ કરી તેઓ સાયબર ક્રાઇમનો ભોગ

બન્યા હોય અને તેઓના નાણાં ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગયેલા હોય તે નાણાંને તાત્કાલીક રોકવા માટે તથા ગુનો અટકાવવા માટે સાયબર ક્રાઈમ રીસ્પોન્સ યુનીટ આઈઆરયુમાં ૧૯૩૦ નંબર પર કોલ કરીને પોતાની ફરીયાદ નોંધાવેલી. અરજદારની ફરીયાદ આધારે સાયબર ક્રાઈમ સેલ્સ સીઆઈડી ક્રાઈમ દ્વારા અરજદારના બેંક ઓફ બરોડાના ખાતા નં. ૩૮૯૭૦૧૦૦૦૦૪૯૫૬ તથા યસ બેંકના ક્રેડીડ કાર્ડ તથા એક્ષીસ બેંકના ક્રેડીટ કાર્ડમાંથી અલગ–અલગ સમયે કુલ રૂા.૨,૨૬,૫૦૦/– ગયેલા જે (૧) બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા નં.૬૦૫૪૬૨૪૩૩૯૯ માં રૂા.૨૫,૬૭૯/– (૨) મિઝોરમ કુપ એપેક્ષ બેંકના ખાતા નં. ૦૦૧૦૧૮૨૦૦૦૭૭૬૫ માં રૂા.૩૫,૭૧૩/– (૩) ઈન્ડીયન બેંકના ખાતા નં. ૪૯૫૯૯૩૨૯૭ માં રૂા. ૨,૩૭૮/– એમ કુલ રૂા. ૬૩,૭૭૦/– ફ્રીઝ થયેલ છે અને સદરહું ખાતાઓ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ ખાતા સીઝ કર્યા બાબત અમારા સમક્ષ કોઈ વાંધો કે તકરાર જણાવેલ નથી જેથી તે રૂપીયા અરજદારશ્રીને પરત આપવા પીઆઈશ્રીનો અભિપ્રાય થાય છે.

આ કામે અરજદાર દ્વારા તેઓની બેંકોનાં સ્ટેટમેન્ટની નકલો રજુ કરેલ છે.

આ કામે દાખલ તા.૧૮/૦૩/૨૦૨૬ થી આજ તારીખ સુધી કોઈનો પણ વાંધો તકરાર રેકર્ડે આવેલ નથી. જે એકાઉન્ટ નંબરમાં રૂા.૬૩,૭૭૦/– ફ્રીઝ થયેલ છે તેઓએ પણ આ કામે વાંધો કે તકરાર રજુ કરેલ નથી. જેથી અરજદારની અરજીને અને અભિપ્રાયને ન માનવાને કોઈ કારણ મળતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, આ કામે પોલીસે રજુ કરેલ અભિપ્રાયમાં આ કામે મુદ્દામાલ સીઝ થયેલ નાણાંની તપાસના કામે જરૂરીયાત હોય તેવું જણાવવામાં આવેલ નથી જે હકીકત ધ્યાને લેતાં નામદાર સર્વોચ્ચ અદાલતે **સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. રાજય–૨૦૦૨(૧૦) – એસ.સી.સી. – પાના નં. ૨૮૩** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત હાલના કેસને લાગુ પાડી શકાય તેમ છે. તેમજ અરજીની હકીકતોને સંયુકત રીતે ધ્યાને લેતાં અરજદારની માંગણી નકારી શકાય તેમ નથી. જેથી સદરહું મુદ્દામાલ સીઝ થયેલ નાણાં હાલના અરજદારને માત્ર વચગાળાની વ્યવસ્થા તરીકે યોગ્ય શરતોએ સોંપવાનું ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

**(૧)** આ કામના દિલીપ કડવાજી કનાડે રહે. વાણીયા શેરી, મંજુસર, તા.સાવલી, જી. વડોદરાનાઓના સીઝ થયેલા નાણાં જે (૧) બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા નં.૬૦૫૪૬૨૪૩૩૯૯ માં રૂા.૨૫,૬૭૯/– (૨) મિઝોરમ કુપ એપેક્ષ બેંકના ખાતા નં. ૦૦૧૦૧૮૨૦૦૦૭૭૬૫ માં રૂા.૩૫,૭૧૩/– (૩) ઇન્ડીયન બેંકના ખાતા નં. ૪૯૫૯૯૩૨૯૭ માં રૂા. ૨,૩૭૮/– એમ કુલ રૂા. ૬૩,૭૭૦/– ફ્રીઝ થયેલ છે તે નાણાં અરજદારને વચગાળાના ધોરણે નીચેની શરતોને આધીન સોંપવા હુકમ કરવામાં આવે છે.

**(૨)** અરજદારે યોગ્ય પો.સ્ટે. ને સીઝ થયેલ નાણાં જેટલી રકમના જામીન અને બોન્ડ રજુ કર્યેથી પોલીસ અધિકારીનાઓએ જે તે બેન્કને કોર્ટના આ ઓર્ડરનું પાલન કરવાની સુચના આપવી.

**(૩)** વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, (૧) બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા નં.૬૦૫૪૬૨૪૩૩૯૯ માં રૂા.૨૫,૬૭૯/– (૨) મિઝોરમ કુપ એપેક્ષ બેંકના ખાતા નં. ૦૦૧૦૧૮૨૦૦૦૭૭૬૫ માં રૂા.૩૫,૭૧૩/– (૩) ઈન્ડીયન બેંકના ખાતા નં. ૪૯૫૯૯૩૨૯૭ માં રૂા. ૨,૩૭૮/– એમ કુલ રૂા. ૬૩,૭૭૦/– ફ્રીઝ થયેલ નાણાં બેંક ઓફ બરોડાના ખાતા નં. ૩૮૯૭૦૧૦૦૦૦૪૯૫૬ માં ખાતા ધારકનું નામ : દિલીપ કડવાજી કનાડેના ખાતામાં આ ઓર્ડર મળ્યેથી ૧૦ દિવસમાં ટ્રાન્સફર કરી આપવા અને અત્રેની કોર્ટને અને જે તે પોલીસ સ્ટેશનને ટ્રાન્સફર કર્યા બાબતનો કમ્પલાયન્સ રીપોર્ટ કરવો.

**(૪)** સદર હુકમની યાદી અત્રેની કોર્ટના પેટી કલાર્કનાઓએ જે તે પોલીસ સ્ટેશને કરવી.

**શરતો :–**

**૧)** અરજદારે સીઝ થયેલી રકમ જેટલી રકમના જામીન અને બોન્ડ કન્સર્ન પો.સ્ટે. રજુ કરવા.

**૨)** અરજદારે અત્રેની કોર્ટ સમક્ષ જયારે અને જયાં સીઝ થયેલ રકમ મંગાવવામાં આવે તે રજુ કરશે તેવું અંડરટેકીંગ આપવું.

**૩)** અરજદારે આ કામના તપાસ કરનાર અધિકારીને તપાસમાં સાથ સહકાર આપવો.

હુકમ અંગેની યાદી જે તે સંલગ્ન પોલીસ સ્ટેશનને કરવી તેમજ હુકમની એક નકલ કેસ રેકર્ડ સાથે રાખવી.

હુકમ આજ તા.૧૪ ના રોજ, માહે– મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૧૪/૦૫/૨૦૨૬

(પ્રિયંકાબહેન ભગવાનભાઇ ગામીત)
જયુ.મેજી.ફ.ક., સાવલી.
**(GJ–01583)**

ડી.એ. જાની/ ગુજ.સ્ટેનો.